Extra No. 121

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JUNE 22, 2026 / ASHADHA 1, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના હુકમ ક્રમાંક. કેપી/૨૦૨૬નો ૯/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઇ-ફાઇલ/૧૪/૨૦૨૫/૧૧૫૭/સેક્શન-જે-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

ORDER

Under

Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી/૨૦૨૬નો ૯/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૭/સેક્શન-જે:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીવી/૨૦૨૫નો ૩૫૨/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૫૫૧૩/પી સેક્શન-થી, તાવડીયા, દેલા, ઉચરપી, વિરમપુરા, દેત્રોજપુરા, રામપુરા, કુકસ, રૂપાલ (કુકસ), હબુવા, શોભાસણ - ના વિસ્તારો અને (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૧૬-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૦/પી સેક્શન. માં લાખવડ ગામ સામે ઉલ્લેખ કરેલા સરવે નંબરો સહિત) લાખવડ ગામના તમામ મહેસૂલી સરવે નંબરોને “મોટા શહેરી વિસ્તારો” તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને આવા મોટા શહેરી વિસ્તારોનો મહેસાણા શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની વિદ્યમાન સ્થાનિક હદોમાં સમાવેશ કર્યો છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તાર" હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, મહેસાણા-ના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણ પણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તાલુકા પંચાયત, મહેસાણા-ના ચૂંટાયેલા પ્રતિનિધિના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, મહેસાણા-ના સંબંધિત મતદાર વિભાગોના ચૂંટાયેલા પ્રતિનિધિ, તાલુકા પંચાયત, મહેસાણા-ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થતા હોવાથી, તાલુકા પંચાયત, મહેસાણા-ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગ પ્રતિનિધિત્વ કરતા, તાલુકા પંચાયત, મહેસાણા-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન તાલુકા પંચાયત, મહેસાણા-ના સભ્યોની સંખ્યા, વચગાળાના પગલાં તરીકે ૩૧ માંથી ઘટાડીને ૩૦ કરે છે;

૨. જેમને સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા છે તેવા મહેસાણા તાલુકા પંચાયતના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ તાલુકા પંચાયત, મહેસાણાના સભ્યનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	મહેસાણા	મહેસાણા	૧૪-હેડુવા (હનુમંત)	સંજયકુમાર ઈશ્વરભાઇ પટેલ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દર્શન દેસાઈ,

સરકારના ઉપસચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.21 18:57:13 IST